# રાજ્યના ડાયાલિસિસ ટેક્નિશિયનોની લાયકાત સામે કેગના રિપોર્ટમાં સવાલો

**662 ટેક્નિશિયનની ભરતીમાં 346 કર્મચારીએ ભારત સેવક સમાજનાં પ્રમાણપત્રો રજૂ કર્યાનો દાવો**

**દર્દીઓની સુરક્ષા સામે જોખમની ચિંતા, કોંગ્રેસે તપાસની માંગ કરી**

અમદાવાદઃ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ હિમોડાયાલિસિસ ટેક્નિશિયનોની ભરતીમાં રજૂ કરવામાં આવેલાં શૈક્ષણિક પ્રમાણપત્રોની માન્યતા અંગે સવાલો ઊભા થવા પામ્યા છે. વર્ષ 2023થી 2025ના કેગના અહેવાલમાં ભારત સેવક સમાજ નામની સંસ્થાનાં પ્રમાણપત્રોની માન્યતા અને તેને લાયકાત માટે સ્વીકારવાના આધાર અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ 250થી વધુ ડાયાલિસિસ સેન્ટરોમાં કુલ 662 ડાયાલિસિસ ટેક્નિશિયનોની ભરતી કરવામાં આવી છે. આ પૈકી આશરે 52 ટકા એટલે કે 346 જેટલા ટેક્નિશિયનોએ ભારત સેવક સમાજનાં પ્રમાણપત્રો રજૂ કર્યાં હતા. લાયકાત તરીકે માન્ય ગણવા માટેના દસ્તાવેજી પુરાવાના અભાવ અંગે કેગના અહેવાલમાં સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

### પ્રમાણપત્રોની માન્યતા અને લાયકાતની ખરાઇ કરવાની માંગ

અગાઉની ભરતીમાં ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં પાસ થવાની સાથે એકથી બે વર્ષનો સંબંધિત ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર જરૂરી ગણાતો હતો. આવી સ્થિતિમાં ભરતીમાં રજૂ કરાયેલાં પ્રમાણપત્રો કયા આધારે માન્ય ગણવામાં આવ્યાં અને તેમની ખરાઇ કરવામાં આવી હતી કે નહીં, તે અંગે સ્પષ્ટતા સાથે તપાસ કરવા કોંગ્રેસ માંગ કરી છે.

### આઉટસોર્સિંગથી ભરતી પ્રક્રિયા સામે પણ સવાલ

ડો. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે IKDRC દ્વારા હાલમાં આઉટસોર્સિંગના માધ્યમથી કરવામાં આવતી ડાયાલિસિસ ટેક્નિશિયનોની ભરતીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. શું હવે ડાયાલિસિસ ટેક્નિશિયન તરીકે નિમણૂક પામનારા ઉમેદવારો પાસે શરૂઆતમાં ધોરણ-12ની લાયકાત પણ હોતી નથી? જો આવું હોય તો દર્દીઓની સારવારની ગુણવત્તા અને સુરક્ષા અંગે જવાબદારી કોણ લેશે.

**રૂ.૨,૩૦૦નો પંખો આપઘાતનું જોખમ ઘટાડશે, 375 પંખા લગાવાયા**

# હવે, VNSGUની હોસ્ટેલોના 'ફેન' આપઘાતનો પ્રયાસ 'ફેઈલ' કરશે

**10 કિલોથી વધુ વજન પડતાં જ પંખાની સ્પ્રિંગ ખૂલતા નીચે આવી જશે અને વીજપ્રવાહ બંધ થઈ જશે**

સુરતઃ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા હોસ્ટેલોમાં વિશેષ પ્રકારના પંખા લગાવવાની પહેલ કરવામાં આવી છે. યુનિવર્સિટીની હોસ્ટેલોમાં કુલ 375 એન્ટિ સ્યુસાઈડ ફેન લગાવવામાં આવ્યા છે. અંદાજે 2,300ની કિંમત ધરાવતા આ પંખાઓનો મુખ્ય હેતુ હોસ્ટેલના રૂમમાં આત્મહત્યાની ઘટનાઓનું જોખમ ઘટાડવાનો છે.

આ પંખાની વિશેષતા તેમાં લગાવવામાં આવેલી સ્પ્રિંગ અને સુરક્ષા મિકેનિઝમ છે. પંખા પર 10 કિલોથી વધુ વજન આવતાં જ તેની સ્પ્રિંગ સક્રિય થાય છે, વીજપ્રવાહ બંધ થાય છે અને પંખો નીચેની તરફ આવી જાય છે. આ વ્યવસ્થાથી પંખા પર લટકીને આત્મહત્યા કરવાનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં મદદ મળી શકે છે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાએ હોસ્ટેલના રૂમમાં આ પંખાનું પ્રદર્શન કરીને તેની કાર્યપદ્ધતિ સમજાવી હતી. તેમણે પંખા પર ચાદર નાખીને વજન આપતાં જ સ્પ્રિંગ ખુલવાની અને પંખો નીચે આવવાની પ્રક્રિયા દર્શાવી હતી.

એક પંખાની કિંમત આશરે 1500 હોવાથી હોસ્ટેલોમાં મોટા પાયે આ વ્યવસ્થા ઊભી કરવી પ્રમાણમાં ઓછા ખર્ચે શક્ય બની શકે છે. 375 પંખા લગાવવાનો આ નિર્ણય શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે માળખાકીય ફેરફારોનું મહત્ત્વ દર્શાવે છે. ખાસ કરીને હોસ્ટેલોમાં રહેતા વિદ્યાર્થીઓ અભ્યાસ, પરીક્ષા, કારકિર્દી અને વ્યક્તિગત સમસ્યાઓના કારણે માનસિક તણાવ અનુભવી શકે છે. આવી પરિસ્થિતિમાં જોખમ ઘટાડે તેવી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવી જરૂરી બને છે.

### અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે બની શકે મોડેલ

VNSGUની આ પહેલ અન્ય સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ, મેડિકલ કોલેજો તથા એન્જિનિયરિંગ સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બની શકે છે. જોકે, માત્ર સુરક્ષાત્મક પંખા લગાવવાથી જ આપઘાતની સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવતો નથી. તેની સાથે વિદ્યાર્થીઓને માનસિક સહાય, કાઉન્સેલિંગ અને જરૂરિયાતના સમયે નિષ્ણાતોની મદદ મળે તેવી વ્યવસ્થા પણ એટલી જ જરૂરી છે.

# સૌરાષ્ટ્રમાં ગરમીનો આકરો મિજાજ, રાજકોટમાં 40.6 ડિ.સે.

**રાજ્યમાં વરસાદની કોઈ સંભાવનાના સંકેત વિના હવામાન સૂકું; ભુજમાં 39.3 અને સુરેન્દ્રનગરમાં 39 ડિ.સે. તાપમાન નોંધાયું**

અમદાવાદઃ ગુજરાતમાં ઓક્ટોબરના અંતિમ દિવસોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે. રાજ્યમાં સૌથી વધુ 40.6 ડિ.સે. મહત્તમ તાપમાન રાજકોટમાં નોંધાયું હતું, જ્યારે અમદાવાદમાં પારો 38.1 ડિ.સે. સુધી પહોંચ્યો હતો.

સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઊંચુંથી નોંધપાત્ર ઊંચું રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં હવામાન સૂકું રહ્યું હતું.

રાજ્યનાં અન્ય શહેરોમાં પણ ગરમીનો પારો ઊંચો રહ્યો હતો. ભુજમાં 39.3 ડિ.સે., નલિયામાં 38.6 ડિ.સે., કંડલા બંદરે 38.8 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 38.4 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 39 ડિ.સે., ડીસામાં 38.7 ડિ.સે. અને અમરેલીમાં 37.9 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું. ગાંધીનગર અને વડોદરામાં 37 ડિ.સે., સુરતમાં 37.4 ડિ.સે., ભાવનગરમાં 36.9 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 36.5 ડિ.સે. તથા દમણમાં 36 ડિ.સે. તાપમાન રહ્યું હતું.

દરમિયાન, દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્રમાં સર્જાયેલું ઓછા દબાણનું ક્ષેત્ર યથાવત્ છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આ સિસ્ટમ ૨૧ ઓક્ટોબરે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધશે અને ત્યારબાદ ૨૨ ઓક્ટોબરે પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ દિશામાં સોમાલિયાના દરિયાકાંઠા તરફ આગળ વધવાની શક્યતા છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને આસપાસના વિસ્તારમાં ઉપરના હવામાનમાં ચક્રવાતી પરિભ્રમણ પણ યથાવત્ છે.

# ખાંડની MSP રૂ.31થી વધારી રૂ.50 પ્રતિ કિલો કરવા માંગ

**ખેડૂત અને સહકારી આગેવાન જયેશ દેલાડે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણને પત્ર લખ્યો**

સુરતઃ ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ (MSP) વર્તમાન રૂ.31 પ્રતિ કિલોથી વધારીને રૂ.50 પ્રતિ કિલો કરવા ખેડૂત અને સહકારી આગેવાન જયેશ એન. પટેલ (દેલાડ)એ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણને પત્ર લખી રજૂઆત કરી છે.

પત્રમાં જણાવ્યા મુજબ, અલનીનોની અસરને કારણે અનેક વિસ્તારોમાં શેરડીના પાકને જરૂરિયાત મુજબ વરસાદ મળ્યો નથી.

તેના કારણે શેરડીના ઉત્પાદન પર પ્રતિકૂળ અસર થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ખાંડ ઉદ્યોગના કુલ ખર્ચમાં શેરડીની ખરીદીનો મોટો હિસ્સો હોય છે. વર્ષ 2020-21માં શેરડીનો વાજબી અને લાભદાયી ભાવ રૂ.2,850 પ્રતિ ટન હતો, જે 2026-27ની પિલાણ સીઝન માટે વધારીને રૂ.3,650 પ્રતિ ટન કરવામાં આવ્યો છે.

બીજી તરફ, ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ ફેબ્રુઆરી 2019 પછી રૂ.31 પ્રતિ કિલોના સ્તરે સ્થિર રહ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

### ખેતી ખર્ચમાં મોટો વધારો થયોઃ જયેશ દેલાડ

પત્રમાં ખાતરના ભાવમાં 50 ટકા સુધીનો વધારો, ખેતીની દવાઓ મોંઘી થવી, ડીઝલના ભાવ રૂ.100 પ્રતિ લિટરથી વધુ થવાના કારણે ટ્રેક્ટરના ભાડામાં વધારો અને શેરડી કાપણીની મજૂરી મોંઘી થવા જેવા મુદ્દાઓ રજૂ કરાયા છે. આ ઉપરાંત, ઈથેનોલનો ખરીદ ભાવ રૂ.58થી વધારી રૂ.70 પ્રતિ લિટર કરવાની પણ માંગ કરવામાં આવી છે.

# જાપાનની 129 કંપની સાથે હર્ષ સંઘવીની બેઠક, ગુજરાતમાં નવા રોકાણના સંકેત

**સુઝુકીના 24 સપ્લાયર્સ ગુજરાતમાં એકમ સ્થાપવા ઉત્સુક, ફુરુકાવાના રૂ.4,500 કરોડના રોકાણ અંગે અંતિમ તબક્કાની ચર્ચા**

ગાંધીનગરઃ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2027 પહેલાં જાપાનના ઉદ્યોગજગત સાથે ગુજરાતના ઔદ્યોગિક સંબંધોને નવી ગતિ આપવાના પ્રયાસો તેજ બન્યા છે. જાપાનના ટોક્યોમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળના ગુજરાતના પ્રતિનિધિમંડળે એક જ દિવસમાં 129 જાપાની કંપનીઓ સાથે બે મેગા રાઉન્ડટેબલ બેઠકો યોજી હતી. આ દરમિયાન સુઝુકીના 24 સપ્લાયર્સે ગુજરાતમાં ઝડપથી ઉત્પાદન એકમો સ્થાપવામાં રસ દર્શાવ્યો હતો, જ્યારે ભાવનગરમાં સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે વિશિષ્ટ કેમિકલ્સનું એકમ સ્થાપવાનો સુમિતોમો કેમિકલનો નિર્ણય અને ફુરુકાવા ઈલેક્ટ્રિકના રૂ.4,500 કરોડથી વધુના સૂચિત રોકાણ અંગેની ચર્ચાએ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં નવી સંભાવનાઓ ઊભી કરી છે. ટોક્યોની હોટેલ ઈમ્પિરિયલ ખાતે યોજાયેલી પ્રથમ બેઠકમાં વિવિધ ક્ષેત્રોના 57 જાપાની ઉદ્યોગપતિઓએ ભાગ લીધો હતો, જ્યારે બીજી બેઠકમાં સુઝુકીની ઓટોમોબાઈલ સપ્લાય ચેઈન સાથે સંકળાયેલી 72 કંપનીઓ જોડાઈ હતી.

ગુજરાત-જાપાન સંબંધો, દ્વિપક્ષીય વેપાર, રોકાણ, ઔદ્યોગિક સહયોગ અને ક્ષમતા નિર્માણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સુમિતોમો કેમિકલ, મારુબેની, હોન્ડા, JERA, MUFG બેંક, ટોક્યો ઈલેક્ટ્રોન સહિતની કંપનીઓ સાથેના સંવાદમાં કેમિકલ્સ, ઊર્જા, નાણાકીય સેવાઓ, ઓટોમોબાઈલ અને અદ્યતન ટેક્નોલોજી ક્ષેત્રે સહયોગની સંભાવનાઓ પર ભાર મૂકાયો હતો.

### ઓટો મોબાઇલ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રને વેગ

જાપાનની સુઝુકી મોટર કોર્પોરેશનના પ્રમુખ તોશિહિરો સુઝુકી સાથેની બેઠકમાં ગુજરાતમાં કારના ઉત્પાદનનું પ્રમાણ વાર્ષિક 10 લાખથી વધારીને 20 લાખ સુધી લઈ જવાની યોજના અંગે ચર્ચા થઈ હતી. સુઝુકીના સપ્લાયર્સ સાથેની બેઠકમાં 24 કંપનીએ હાંસલપુર સ્થિત સુઝુકીના પ્લાન્ટ નજીક પોતાનાં એકમો સ્થાપવામાં રસ દર્શાવ્યો હતો. આ એકમો સાકાર થાય તો ઓટોમોબાઇલ ક્ષેત્રની સપ્લાય ચેઇન વધુ મજબૂત બનવાની સાથે સ્થાનિક રોજગારીની તકોમાં પણ વધારો થઈ શકે છે.

**સુરત જિલ્લા વહીવટી તંત્રની ચેતવણી**

# પર્યાવરણની મંજૂરી વિના બાંધકામ શરૂ કર્યું તો કાયદેસરની કાર્યવાહી

**પાછળથી મંજૂરી મેળવીને નિયમભંગને કાયદેસર કરી શકાશે નહીં**

સુરતઃ પર્યાવરણની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના બાંધકામ, સ્થાપન કે અન્ય પ્રવૃત્તિ શરૂ કરનારા પ્રોજેક્ટ સંચાલકો સામે હવે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. પર્યાવરણના નિયમોનો ભંગ કર્યા બાદ પાછળથી મંજૂરી મેળવીને તેને કાયદેસર કરાવવાની જોગવાઈ ઉપલબ્ધ ન હોવાનો ઉલ્લેખ કરીને સુરત જિલ્લા વહીવટીતંત્રે સંબંધિત પ્રોજેક્ટ સંચાલકોને સ્પષ્ટ સૂચના આપી છે.

પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986 હેઠળ પ્રસિદ્ધ પર્યાવરણીય અસર આકલન (EIA) નોટિફિકેશન, 2006ના શિડ્યુલમાં આવરી લેવાયેલા તમામ પ્રોજેક્ટ્સ અને પ્રવૃત્તિઓ માટે અગાઉથી પર્યાવરણીય મંજૂરી (EC) મેળવવી ફરજિયાત છે. આ મંજૂરી સક્ષમ સત્તામંડળ દ્વારા આપવામાં આવે છે. મંજૂરી મળ્યા પહેલાં સંબંધિત પ્રોજેક્ટનું બાંધકામ, સ્થાપન કે અન્ય પ્રવૃત્તિ શરૂ કરી શકાતી નથી. જિલ્લા વહીવટીતંત્રે ખાસ સ્પષ્ટતા કરી છે કે પર્યાવરણીય મંજૂરી માટે અરજી કરી દીધી હોય અથવા સ્ટેટ એક્સપર્ટ એપ્રેઝલ કમિટી (SEAC) દ્વારા મંજૂરીની ભલામણ કરવામાં આવી હોય તો પણ પ્રોજેક્ટ શરૂ કરવાની છૂટ મળતી નથી. સક્ષમ સત્તામંડળ (SEIAA અથવા કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય)ની અંતિમ મંજૂરી મેળવવી આવશ્યક છે.

### સર્વોચ્ચ અદાલતના ચુકાદા બાદ નિયમોનું પાલન અનિવાર્ય

જિલ્લા વહીવટીતંત્રની યાદીમાં જણાવ્યા મુજબ, Vanashakti v. Union of India કેસમાં સર્વોચ્ચ અદાલતના તા. 19 જુલાઈ, 2026ના ચુકાદા તથા કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયના તા. 30 સપ્ટેમ્બર, 2026ના ઓફિસ મેમોરેન્ડમને ધ્યાને લેતાં, પાછળથી પર્યાવરણીય મંજૂરી મેળવીને અગાઉના ઉલ્લંઘનને નિયમિત કરવા માટે નવી અરજી કરવાની જોગવાઈ ઉપલબ્ધ નથી. તમામ સંબંધિત પ્રોજેક્ટ સંચાલકોએ કામગીરી શરૂ કરતાં પહેલાં જરૂરી મંજૂરી મેળવી લેવી પડશે. અન્યથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# BRTS ટ્રેકમાં GSRTC વોલ્વોના ચાલકની દાદાગીરી, ટ્રાફિક ખોરવાયો

**ભેસ્તાન નવીન ફ્લોરિન પાસે વોલ્વો ચાલકે બસને BRTS લેનમાં ઘુસાડી દીધી હતી**

સુરતઃ શહેરની લાઈફલાઈન સમાન BRTS કોરિડોરમાં ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં નિયમોના ધજાગરા ઉડ્યા છે. ભેસ્તાનના નવફ્લોરિંગ નજીક GSRTCની વોલ્વો બસના ચાલકે જ ટ્રાફિકના નિયમો નેવે મૂકી દીધા હતા.

ભેસ્તાન વિસ્તારમાં BRTS કોરિડોરમાં એક BRTS બસ ટેકનિકલ ખામીને કારણે અચાનક બંધ પડી ગઈ હતી.

જેના કારણે ટ્રેકમાં ટ્રાફિક અટવાયો હતો. આ દરમિયાન પાછળથી આવેલી GSRTCની વોલ્વો બસના ચાલકે સંયમ ગુમાવ્યો હતો અને સ્થળ પર હંગામો શરૂ કર્યો હતો. ઉતાવળમાં નીકળવા માટે વોલ્વો ચાલકે સીધી



પોતાની મોટી બસ પ્રતિબંધિત BRTS લેનમાં ઘૂસાડી દીધી હતી. જે કોરિડોર માત્ર સુરત મનપાની સિટી બસ માટે અનામત છે, ત્યાં જ સરકારી બસના ચાલકે ગેરકાયદે પ્રવેશ કરી મુસાફરો અને રાહદારીઓની સુરક્ષા જોખમમાં મૂકી હતી. આ ઘટનાને પગલે ટ્રાફિક ખોરવાયો હતો અને સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. લોકોનો સવાલ છે કે સામાન્ય વાહનચાલક ભૂલથી પણ BRTSમાં જાય તો દંડ થાય છે, તો સરકારી બસના આવા બેફામ ચાલક સામે તંત્ર ક્યારે દાખલારૂપ કાર્યવાહી કરશે?

### તાકીદે નોટિસ અપાશેઃ ST નિયામક

સુરત ST વિભાગીય નિયામક પી.વી. ગુર્જરે જણાવ્યું હતું કે વિડીયોની તપાસમાં BRTS લેનમાં વોલ્વો બસે પ્રવેશ કર્યાનું સામે આવ્યું છે. કોઈપણ સંજોગોમાં BRTS કોરિડોરમાં વોલ્વો લઈ જવાની મંજૂરી નથી. આ બસ સુરતની હોય કે અમદાવાદ સહિત અન્ય કોઈ ડિવિઝનની, જવાબદાર પાર્ટી સામે કાયદેસરના પગલાં લેવાશે અને નિયમભંગ બદલ નોટિસ ફટકારવામાં આવશે.

# સાયણ-હજીરા હાઈવેથી ટેન્કરોમાંથી કેમિકલ ચોરતી ગેંગ ઝડપાઈ

**રૂ.૧.૨૦ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત, 3 ફરાર**

સુરતઃ સાયણ-હજીરા હાઈવે પર રાત્રિના અંધારામાં જ્વલનશીલ કેમિકલ ભરેલા ટેન્કરોમાંથી પાઈપ વડે કેમિકલ ચોરી કરતી શાતિર ગેંગનના ત્રણને જહાંગીરપુરા પોલીસે પકડી પાડી રૂ.૧.૨૦ કરોડથી વધુની કિંમતના ૨ ટેન્કર, ચોરીનું કેમિકલ, ટેમ્પો, મોપેડ અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સુરેશ ખટીક, ત્રિકમ ખટીક અને તેના સાગરીતો સાયણ-હજીરા હાઈવે પર આશારામજી નગર પાસે આવેલા ઈંટના ભઠ્ઠાના કમ્પાઉન્ડમાં ટેન્કરોમાંથી કેમિકલ ચોરી કરી રહ્યા હોવાની બાતમીના આધારે જહાંગીરપુરા પોલીસે દરોડો પાડતા કમ્પાઉન્ડમાં બે ટેન્કર પાર્ક કરેલી હાલતમાં મળી આવ્યાં હતાં. આરોપીઓ ટેન્કરના ઉપરના ઢાંકણામાંથી પાઈપ નાખી અતિ જ્વલનશીલ સ્ટીરીન મોનોમેર અને મિથાઈલ આઈસોબ્યુટાઈલ કિટોન કેમિકલ કેરબાઓમાં કાઢતા પોલીસે ઝડપી પાડ્યા હતા. 42 લાખના કેમિકલ કબજે કર્યું હતું. જો કે બંને ટેન્કરના ચાલકો અને ત્રિકમ ખટીક ફરાર થઈ ગયા હતા.

### પકડાયેલા આરોપીઓ

લાડુલાલ ઉર્ફે લોકેશ નેનાલાલ ધુલાજી ખટીક (ઉં.વ.૩૫, ધંધો-વેપાર, રહે., કેશવનગર સોસાયટી, ભેસ્તાન, સુરત, મૂળ અંટાલીયા, ચારભુજા, જિ.રાજસમંદ, રાજસ્થાન), સુરેશચંદ્ર રામલાલ નંદાજી ખટીક (ઉં.વ.૪૪, રહે., માનસરોવર સોસાયટી, ગોડાદરા, સુરત, મૂળ રાજાજી કા કરેડા, થાના-કરેડા, રાજસ્થાન), શાહરૂખભાઈ મોહમ્મદ હનીફભાઈ મકરાણી (ટેમ્પો ચાલક) (ઉં.વ.૩૩, રહે., રાંદેર, સુરત, મૂળ અક્કલકુવા, જી.નંદુરબાર, મહારાષ્ટ્ર)

**ગેરકાયદે બાંધકામ, પ્રોપર્ટી કાર્ડથી લઈને RTE પ્રવેશ સુધીના મુદ્દે રજૂઆત**

# સુરત કલેક્ટરની અધિકારીઓને સમયમર્યાદામાં ઉકેલ લાવવા તાકીદ

**જિલ્લા સ્વાગતમાં 11 ફરિયાદ પહોંચી, 10નો નિકાલ, એક પ્રશ્ન હજુ પડતર**

સુરતઃ સરકારી કચેરીઓના ધક્કા ખાઈને પણ પ્રશ્નોનું નિરાકરણ ન આવતું હોવાની ફરિયાદો વચ્ચે સુરત જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં વિવિધ વિભાગોની કામગીરી અને નાગરિકોની રજૂઆતોની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર તેજસ પરમાર સમક્ષ ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ ઉકેલ ન મળેલા ૧૧ પ્રશ્ન રજૂ થયા હતા. તેમાંથી ૧૦ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હોવાનો વહીવટી તંત્રે દાવો કર્યો છે, જ્યારે એક પ્રશ્નનો ઉકેલ બાકી રહ્યો છે.

રાજ્ય સરકારના ફ્લેગશિપ 'સ્વાગત'કાર્યક્રમ અંતર્ગત જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમાં પ્રોપર્ટી કાર્ડ, સિંચાઈ, ગેરકાયદે દબાણ, જમીન સંપાદન અને શૈક્ષણિક યોજનાઓ સહિતના મુદ્દાઓ પર અરજદારોની રજૂઆતો સાંભળવામાં આવી હતી. બેઠકમાં ગેરકાયદેસર બાંધકામ, પાર્કિંગ પર દબાણ, સિંચાઈની સમસ્યા, ડ્રેનેજના પાણીના નિકાલ, વરસાદી પાણી ભરાવાની સમસ્યા, પ્રોપર્ટી કાર્ડ, જમીન સંપાદન, RTE હેઠળ પ્રવેશ અને NOC ન આપવા જેવા મુદ્દાઓ રજૂ થયા હતા. વિવિધ વિભાગો સાથે સંકળાયેલા આ પ્રશ્નો નાગરિકોને રોજિંદા જીવનમાં પડતી મુશ્કેલીઓ અને સરકારી સેવાઓ મેળવવામાં થતી અડચણો તરફ ધ્યાન દોરે છે. કલેક્ટર તેજસ પરમારે સંબંધિત વિભાગોના અધિકારીઓને અરજદારોની ફરિયાદોનો સંતોષકારક ઉકેલ લાવવા અને કામગીરીમાં કોઈ પણ પ્રકારની શિથિલતા ન દાખવવા સૂચના આપી હતી. તમામ પ્રશ્નોનો નિયત સમયમર્યાદામાં નિકાલ થાય અને સરકારી નિર્ણયોનું ચુસ્ત પાલન થાય તેની તકેદારી રાખવા પણ જણાવ્યું હતું.

### જવાબદારી નક્કી કરવા પર ભાર

કલેક્ટરે જણાવ્યું હતું કે સ્વાગત કાર્યક્રમ પ્રજાનો અવાજ સાંભળવા અને વહીવટી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટેનું સશક્ત માધ્યમ છે. અરજદારોને ન્યાય અપાવવો એ તમામ અધિકારીઓની પ્રાથમિક જવાબદારી છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર પ્રકાશ મીણા, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી, પ્રાંત અધિકારીઓ, મહાનગરપાલિકા, પુરવઠા, સિટી સરવે, શિક્ષણ અને પોલીસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### કુડસદના રેલવે...

ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર યુવકો કીમથી સાયણ તરફ પરત ફરી રહ્યા હતા. દરમિયાન કુડસદ રેલવે ઓવરબ્રિજ પર બાઈકચાલકે કાબૂ ગુમાવતાં બાઈક સેફ્ટી વોલ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે બાઈક પર સવાર ચારેય યુવકો ઊંચા બ્રિજ પરથી નીચે પટકાયા હતા. ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન સૌરભ રામલોટ યાદવ, વિકાસ છોટેલાલ વર્મા અને વિકાસ હીરાલાલ વર્માનું મોત થયું છે. જ્યારે અભિષેક ઇન્દ્રબલી વર્મા ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. અકસ્માતની જાણ થતાં DySP બી.કે.વનાર અને કીમ પોલીસ સ્ટેશનના PI કે.એ.જાડેજાએ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુડસદ રેલવે ઓવરબ્રિજ પર પૂરતી સ્ટ્રીટ લાઇટ અને મજબૂત સુરક્ષિત રેલિંગની વ્યવસ્થા કરવાની સ્થાનિકોએ માંગ કરી છે. ત્રણ યુવકનાં મોતની ગંભીર ઘટના બાદ સંબંધિત વિભાગે સ્થળનું નિરીક્ષણ કરી સુરક્ષાની ખામીઓ દૂર કરવી જોઈએ.

### પોલીસના...

ચાલાકી વાપરીને લોકઅપનો દરવાજો ખોલી સંત્રીની નજર ચૂકવીને માત્ર ૪ મિનિટના ટૂંકા ગાળામાં પોલીસ સ્ટેશનમાંથી નાસી છૂટ્યો હતો. પોલીસકર્મીઓ પરત ફરતા લોકઅપ ખુલ્લું જોઈ તેમના હોશ ઊડી ગયા હતા. આ અંગે રાંદેર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી સમગ્ર શહેરમાં નાકાબંધી કરાઈ હતી. તપાસ દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ફરાર થયેલો આરોપી પ્રમોદ ઉર્ફે જાડીયો હાલ વરાછાના માતાવાડી વિસ્તારમાં પોતાના એક મિત્રના ઘરે આશરો લઈને બેઠો છે. માહિતી મળતા જ પોલીસ ટીમ તાત્કાલિક માતાવાડી વિસ્તારમાં દોડી ગઈ હતી અને ત્યાં રેડ કરી ભાગી છૂટેલા કુખ્યાત આરોપી પ્રમોદ પાટીલને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પોલીસની સતર્કતાથી મોટી અનિચ્છનીય ઘટના ટળી છે અને આરોપીની પુનઃ ધરપકડ કરી કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### નવરાત્રિ પૂરી...

કમર અને શરીરના અન્ય ભાગોમાં દુખાવાની ફરિયાદો ધરાવતા દર્દીઓ સારવાર માટે પહોંચી રહ્યા છે.

નવરાત્રિ દરમિયાન સતત ગરબા રમવા, અવાજવાળા વાતાવરણમાં લાંબો સમય રહેવા, ઊંઘ અને આરામની અનિયમિતતા સહિતનાં કારણોસર કેટલાક લોકોમાં શારીરિક તકલીફો જોવા મળી રહી છે. જોકે, ગળામાં દુખાવો કે બળતરા થવા પાછળનાં ચોક્કસ કારણો દર્દીની તપાસ બાદ જ જાણી શકાય છે. આ ઉપરાંત શરદી-ખાંસી, હળવો તાવ અને કાનમાં દુખાવાની ફરિયાદ સાથે આવતા દર્દીઓ પણ જોવા મળી રહ્યા છે. સામાન્ય ક્લિનિકોમાં પણ આવા દર્દીઓની સંખ્યામાં વધારો થયાની વિગતો સામે આવી છે.

બીજી તરફ, નવરાત્રિ દરમિયાન ગરબા રમતી વખતે કે અન્ય કારણોસર ઈજા પામેલા કેટલાક લોકોએ તે સમયે દવા લઈને ઘરે જવાનું પસંદ કર્યું હતું. હવે નવરાત્રિ પૂર્ણ થયા બાદ દુખાવો યથાવત રહેતાં અથવા વધતાં તેઓ વધુ સારવાર માટે હોસ્પિટલ પહોંચી રહ્યા છે. કેટલાક દર્દીઓ દાખલ થવાની જરૂરિયાત અંગે તપાસ કરાવવા પણ આવી રહ્યા છે. આમ, નવરાત્રિ પૂર્ણ થયા બાદ સરકારી હોસ્પિટલોમાં ગળાના દુખાવા, શરીરના દુખાવા અને ઈજાઓ સંબંધિત ફરિયાદો સાથે દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

### સોનગઢમાં...

ઘટના બાદ પોલીસે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેમનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. આ બનાવમાં અબરાર પઠાણ હાલ ફરાર હોવાથી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કરાયાં છે. મોડી સાંજે સખત કાર્યવાહીની માંગ સાથે પોલીસ સ્ટેશન બહાર લોકો એકત્ર થતાં ઘર્ષણનાં દૃશ્યો પણ સર્જાયાં હતાં.

ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે, અબરાર પઠાણ અને મુશરફ બાગવાને આજ ઉસકો માર હી ડાલના હૈ તેમ કહી ઈંચ ફેંકી હતી. તો જાવેદખાન પઠાણ, હમજા અલ્લારખા, સાહીર પઠાણ, ફરહાને પણ પથ્થરો અને ઈંટો ફેંકી હતી. આ ઉપરાંત તેની સાથેના 20થી 25 મુસ્લિમ સમાજના ટોળાએ આજ તો ઉસકો ખત્મ હી કર દેને કા હૈ કહી હુમલો કર્યો હતો. સ્થાનિકો દ્વારા તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડની માંગ કરવામાં આવી છે, તેમજ યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં સોનગઢ બંધ રાખી આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. હાલ સમગ્ર વિસ્તારમાં પોલીસ તપાસ તેજ કરી દેવામાં આવી છે. સોનગઢ તાલુકામાં આ પ્રકારની ઘટના અગાઉ પણ બની ચૂકી છે. ત્યારે મુસ્લિમ ફળિયામાં બનેલી ઘટનાને લઈ પોલીસ ફરી દોડતી થઈ હતી. સોશિયલ મીડિયા પરની કોમેન્ટથી શરૂ થયેલો વિવાદ હવે કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન બનતાં પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. બીજા દિવસે પણ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસનો બંદોબસ્ત યથાવત છે.

### ખાડીપૂરમાં DPR...

વાસ્તવિક પરિસ્થિતિને અનુરૂપ હોય તે જરૂરી હોવાથી મનપાએ ચકાસણીની આ વ્યવસ્થા ઊભી કરી છે. કમિટીમાં સંબંધિત વિભાગોના અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે. એજન્સીના રિપોર્ટમાં દર્શાવેલી વિગતોની સ્થળ પરની સ્થિતિ સાથે સરખામણી કરીને જરૂરી સુધારા સૂચવવામાં આવશે. સિંચાઈ અને ડ્રેનેજ વિભાગના અધિકારીઓનો પણ સમાવેશ કરાયો છે, જેથી ટેકનિકલ પાસાંઓની ચકાસણી થઈ શકે.

### બલેશ્વરની અશોક...

રીતે ધડાકાભેર ફાટ્યું હતું. બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે આસપાસનો વિસ્તાર ધણધણી ઊઠ્યો હતો અને મશીનના ભારે લોખંડના ટુકડા તથા શેડનાં પતરાં હવામાં ઊછળીને દૂર સુધી પડ્યાં હતાં.

મશીન ફાટતાં જ તેમાંથી નીકળેલું સખત ઉકળતું ગરમ પાણી નજીકમાં કામ કરી રહેલા શ્રમિકો પર પડ્યું હતું. જેમાં મૂળ ઉત્તર પ્રદેશના મિરઝાપુરના સમદપુર ગામના વતની અને હાલ બલેશ્વર બિલાલ નગર, મારુતિ રૂમ નં.૨૯માં રહેતા આશિષકુમાર ગુલાબ ભુવનેશ્વર પટેલ (ઉં.વ.૨૪) શરીરના મોટા ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા અને સાથે મશીનના સ્પેરપાર્ટ વાગવાથી લોહીલુહાણ થઈ ગયા હતા. તેમને તાબડતોબ ગંભીર હાલતમાં સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન જિંદગી સામેનો જંગ હારી જતાં તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. માત્ર ૨૪ વર્ષના યુવાન પુત્રના આકસ્મિક મોતના સમાચાર વતન પહોંચતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ઘટના અંગે મૃતકના સાથી શ્રમિક જયશ્રી બાબુલાલ બેચઈ પટેલ (ઉં.વ.૩૨) (રહે.,બિલાલ નગર, બલેશ્વર) દ્વારા પલસાણા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જેના આધારે પલસાણા પોલીસ મથકના એ.એસ.આઈ. તેજસભાઈ અનિલભાઈએ અકસ્માત મોત નોંધી આગળની તજવીજ હાથ ધરી છે. આ સમગ્ર મામલે પલસાણા પોલીસ સબ ઇન્સ્પેક્ટર (PSI) ડી.એચ. રાઠોડ દ્વારા ફેક્ટરીના સેફ્ટી નિયમો અને મશીનરીની જાળવણી અંગે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

### આજે રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રી નાગરિકોની ફરિયાદો સાંભળશે

ગાંધીનગરઃ નાગરિકોની રજૂઆતો અને ફરિયાદોના ઓનલાઈન નિવારણ માટેનો ઓક્ટોબર-2026નો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરુવાર, તા. 22 ઓક્ટોબરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાશે. નાગરિકો સવારે 8થી 11 વાગ્યા દરમિયાન ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-2 સ્થિત મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ ખાતે રૂબરૂ પોતાની રજૂઆતો કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોર બાદ નાગરિકોની રજૂઆતો સાંભળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ 2003માં શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.